જગદ્‌ગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના દ્વિતીય આત્મજ, પુષ્ટિસમ્પ્રદાયના દેદીપ્યમાન પ્રતાપી આચાર્ય

શ્રીમત્પ્રભુચરણ શ્રીગુસાંઈજી શ્રીવિઠ્ઠલેશ્વરજી

લેખક : પૂ.ગો. શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી – વડોદરા.

જગદ્‌ગુરુ શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દ્વિતીયપુત્ર શ્રીવિઠ્ઠલેશ્વરજી (પ્રસિદ્ધ ઉપનામ - શ્રીગુસાંઈજી) પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમ્પ્રદાયના ખૂબ જ ઝળહળતા યશસ્વી અને પ્રતાપી - પ્રકાંડ વિદ્વાન આચાર્ય હતા. પુષ્ટિમાર્ગ બીજા નામે વલ્લભ સમ્પ્રદાય નામે પણ ઓળખવામાં આવે છે અને તે વૈદિક સનાતન ધર્મના પ્રાચીન પરમ્પરાગત પાંચ મુખ્ય સમ્પ્રદાયો પૈકી એક છે. ભારતીય તત્ત્વજ્ઞાન ક્ષેત્રે પાંચ સમ્પ્રદાયોના પાંચ મુખ્ય આચાર્યો (૧) શ્રીશંકરાચાર્ય, (૨) શ્રીરામાનુજાચાર્ય, (૩) શ્રીનિમ્બાર્કાચાર્ય, (૪) શ્રીમધ્વાચાર્ય અને (૫) શ્રીવલ્લભાચાર્ય. આમ પાંચ આચાર્યોમાં સહુથી છેલ્લે શ્રીવલ્લભાચાર્ય પ્રગટ થયા. શ્રીવલ્લભાચાર્યજીના તત્ત્વજ્ઞાનને શુદ્ધાદ્વૈતવાદ તરીકે ઓળખવામાં આવે છે અને તેઓશ્રી દ્વારા પ્રવર્તિત પુષ્ટિમાર્ગને નિર્ગુણ-શુદ્ધ-પુષ્ટિ-ભક્તિમાર્ગ નામે પણ જાણવામાં આવે છે.

શ્રીવલ્લભાચાર્યજીનું પ્રાગટ્ય વ્રજ વિ.સં.૧૫૩૫ તદ્નુસાર ઈ.સ.૧૪૭૯ માં મધ્યપ્રદેશ (હાલ છત્તીસગઢ)માં રાયપુર - રાજીમ પાસે આવેલ ચમ્પારણ્યમાં આન્ધ્રના તૈલંગ વેલ્લનાડુ બ્રાહ્મણ પરિવામાં શ્રીલક્ષ્મણ ભટ્ટજીને ત્યાં થયું હતું. શ્રીવલ્લભાચાર્યજીએ તે સમયના સુપ્રસિદ્ધ શક્તિશાલી રાજ્ય હમ્પી વિદ્યાનગરમાં રાજા કૃષ્ણદેવરાયે તત્ત્વનિર્ણય માટે ભારતભરના વિદ્વાનો-આચાર્યોની બોલાવેલી ધર્મસભામાં સહુ સાથે શાસ્ત્રાર્થ કરી ઝળહળતો વિજય પ્રાપ્ત કર્યો હતો અને ત્યાં ઉપસ્થિત સહુ આચાર્યો વિદ્વાનોએ શ્રીવલ્લભાચાર્યજીનો વૈદિક વિધિથી આચાર્યભિષેક કર્યો અને રાજાએ કનકાભિષેક કર્યો. શ્રીવલ્લભાચાર્યજીએ પોતાની બાળવય તથા નવયુવાન વયમાં ત્રણ વખત તે સમયના ભારતની અફઘાનિસ્તાનથી બર્મા સુધી અને કાશ્મિરથી કન્યાકુમારી સુધીની ધર્મયાત્રા પગે ચાલીને કરી અને તે દરમિયાન સર્વત્ર તેઓશ્રીએ નિર્ગુણ પુષ્ટિભક્તિમાર્ગના સિદ્ધાન્તોનો ઉપદેશ આપતાં અનેકોને કૃષ્ણભક્તિમાં વાળ્યા અને અનેક ગૃહસ્થોના ઘરે કૃષ્ણભક્તિનો સેવાક્રમ આરંભ કરી તેમના ઘરોને કૃષ્ણમંદિરમાં ફેરવી નાંખ્યા હતા. શ્રીવલ્લભાચાર્યજીએ પોતાના સમયમાં એક જ મન્દિરનું નિર્માણ કરાવ્યું કે જે મથુરા જિલ્લાના જતીપુરા ગામ પાસે શ્રીગિરિરાજપર્વત પર શ્રીનાથજીનું મન્દિર નામે પ્રસિદ્ધ હતું (આ શ્રીનાથજી હાલ રાજસ્થાનના ઉદયપુર જિલ્લામાં નાથદ્વારા સ્થળે બિરાજમાન છે).

શ્રીવલ્લભાચાર્યજી પ્રથમ વારાણસીમાં પોતાના પિતાના સમયથી ચાલ્યા આવેલ નિવાસ સ્થળે નિવાસ કરતા હતા. ત્યારબાદ તીર્થરાજ પ્રયાગ (અલાહાબાદ) પાસે યમુના નદીના કિનારે આવેલ અડેલ ગામમાં નિવાસ કર્યો અને વચમાં પોતાના ભગવત્સેવા તથા લેખન વગેરે કાર્યો નિર્વિઘ્ને કરવા અર્થે અમુક સમય વારાણસી-અલાહાબાદના વચમાં આવેલ ચરણાદ્રિ (ચરણાટ-ચુનાર)માં નિવાસ કર્યો હતો. શ્રીવલ્લભાચાર્યજીનું મન ભગવત્સેવા-ભગવન્નામમાં જ પરોવાઈ રહેતું હોવાથી આપશ્રી વિવાહ નહીં કરવાની ઈચ્છા ધરાવતા હતા. પરન્તુ ધર્મયાત્રા દરમિયાન પંઢરપુર (મહારાષ્ટ્ર)માં શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીવિઠોબા)એ શ્રીવલ્લભાચાર્યજીને આજ્ઞા કરી કે આપ વિવાહ કરો, આપને ત્યાં હુ પુત્રરૂપે પ્રગટ થવા માંગુ છું. તેથી ભગવાનની આજ્ઞા માથે ચઢાવી શ્રીવલ્લભાચાર્યજી એ પોતાની વેલ્લનાડુ બ્રાહ્મણ જ્ઞાતિના શ્રીલક્ષ્મીજી સાથે વિવાહ કર્યો. આ વખતે શ્રીવલ્લભાચાર્યજીની વય ૩૨ વર્ષની હતી.

વિ.સં. ૧૫૬૮ ના ભાદરવા વદ ૧૨ ના દિને અડેલ મુકામે શ્રીવલ્લભાચાર્યજીને ત્યાં પ્રથમપુત્રનો પ્રાદુર્ભાવ થયો. એમનું શ્રીગોપીનાથજી નામ રાખવામાં આવ્યું. શ્રીગોપીનાથજી પણ ખૂબ જ વિદ્વાન, પ્રભાવશાળી વ્યક્તિત્વવાળા, સાદગીભર્યું જીવન પસંદ કરનારા, અહર્નિશ ભગવન્નામ-સેવા પરાયણ ચિત્તવાળા હતા.

ત્યારબાદ ચરણાટ ગામમાં વિ.સં. ૧૫૭૨ ના ગુજરાતી માગશર વદ ૯ ના દિને શ્રીવલ્લભાચાર્યજીને ત્યાં બીજા પુત્રનો પ્રાદુર્ભાવ થયો. આ વખતે જ એક સાધુએ શ્રીવિઠ્ઠલનાથજીનું ભગવત્ સ્વરૂપ (મૂર્તિ) શ્રીવલ્લભાચાર્યજીને પધરાવી આપ્યું. દ્વિતીય પુત્રનું નામ શ્રીવિઠ્ઠલનાથજી રાખવામાં આવ્યું. આમાં ત્રણ કારણો હતા. (૧) શ્રીવિઠ્ઠલનાથજીએ વિવાહ કરવાની આજ્ઞા કરી હું પ્રકટ થવા માગું છું એમ કહ્યું હતું, (૨) પુત્ર જન્મ સમયે જ શ્રીવિઠ્ઠલનાથજીના સ્વરૂપની શ્રીવલ્લભાચાર્યજીને પ્રાપ્તિ થઈ અને (૩) પોતાના જ્ઞાન વડે ભગવન્માર્ગમાં શૂન્ય એવા જીવો પર અનુગ્રહ કરવાનો અસાધારણ ગુણ આ બાળકમાં જોઈને (**विद्=विदा** જ્ઞાન વડે, **ठ = ठान्** શૂન્યજીવોને, **ल = लाति** ગ્રહણ કરે છે) વિઠ્ઠલ એમ નામ રાખવામાં આવ્યું.

શ્રીવિઠ્ઠલેશ્વરજીએ બાળપણમાં જ પોતાના પિતૃચરણ પાસે તેમજ ઈતર વિદ્વાનોથી તથા શ્રીવલ્લભાચાર્યજીના ભૂતલ ત્યાગ પછી પોતાના મોટાભાઈ શ્રીગોપીનાથજી થી સર્વ શાસ્ત્રોનું અધ્યયન કરી પ્રકાંડ પાંડિત્ય અર્જિત કર્યું. મોટાભાઈ શ્રીગોપીનાથજીનું નાની (યુવાન) વયે જ ગોલોકગમન થતાં શ્રીવલ્લભાચાર્યજીના ભારતભરમાં ફેલાયેલા વિશાલ સમ્પ્રદાયના સંચાલનની તથા તેના વિસ્તારની જવાબદારી શ્રીવિઠ્ઠલેશ્વરજીના શિર આવી પડી. શ્રીવિઠ્ઠેલેશ્વરજીએ આ જવાબદારીનું વહન ખૂબ જ ઉત્સાહ એવં કુશલતાથી કર્યું.

સહુથી પ્રથમ તો શ્રીવલ્લભાચાર્યજી દ્વારા પ્રસ્થાપિત ગોવર્ધન પર્વત સ્થિત શ્રીનાથજીના મન્દિરની સમુચિત વ્યાવહારિક વ્યવસ્થાઓ ઉપરાંત આ સ્થળ કલિયુગના ભક્તિમાર્ગીય સાધક જીવો માટે કઈ રીતે પુષ્ટિભક્તિ સાધનાનું આદર્શ કેન્દ્ર બની રહે તેવી વ્યવસ્થાઓ સ્થાપિત કરી અગર તો તેને વિસ્તારી. જે પૈકી શ્રીનાથજીની સેવામાં ભારતભરમાં સુપ્રસિદ્ધ એવા સંગીત નિષ્ણાત સુરદાસ-કુંભનદાસ વગેરે પુષ્ટિભક્તોની અષ્ટછાપના રૂપમાં મન્દિરની કીર્તન સેવામાં તેમની યોજના કરી. તેમજ જે લોકો શ્રીનાથજીની સેવામાં પુષ્ટિભક્તિની ભાવનાથી વિપરીત આચરણવાળા અને ભગવદ્ દ્રવ્યનો અપવ્યય કરનારા હતા, તેવાઓને સેવામાંથી દૂર કરી શ્રીમહાપ્રભુના વિશ્વસ્ત અને પુષ્ટિભક્તિમાં રંગાયેલા એવા કૃષ્ણદાસ જેવા સેવકોને સેવા વ્યવસ્થામાં અધિકૃત કર્યા. પુષ્ટિમાર્ગની ભગવત્સેવાની પ્રણાલિકામાં તથા પુષ્ટિમાર્ગીય વ્યવહારમાં શ્રીકૃષ્ણ જન્મ- લીલાભૂમિ વ્રજની ભાષાનો અને વ્રજની સંસ્કૃતિનો સર્વાધિક મહત્ત્વપૂર્ણ રીતે સમાવેશ કરી અતિશય કૃષ્ણપ્રેમની અભિવ્યક્તિની સાથે - સાથે પુષ્ટિ સમ્પ્રદાયનું મુખ્યકેન્દ્ર વ્રજપ્રદેશમાં શ્રીવલ્લભાચાર્યજી દ્વારા સ્વીકૃત પુષ્ટિ-ભક્તિ પ્રચારની વ્યવસ્થાનો વિસ્તાર કર્યો અને તે આધારે પુષ્ટિભક્તિ પ્રચારમાં રંગાયેલા અને ઓતપ્રોત થયેલા એવા વ્રજવાસીઓનો એક બહોળો વર્ગ પંક્તિબદ્ધ તૈયાર કર્યો. શ્રીવિઠ્ઠલેશ્વરજી દ્વારા સમ્પ્રદાયના સંચાલનમાં સહુથી ધ્યાનાકર્ષક પ્રકાર એ જોવા મળે છે કે તેઓશ્રીએ આ બાબતમાં કોઈ પણ વિષયમાં પોતાની મનમાની નહીં કરીને સમ્પ્રદાયના મૂલ પ્રવર્તક શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાન્તગ્રન્થોમાં નિરૂપિત અથવા તો સિદ્ધાન્તમાં સ્વીકૃત વિષયને જ મૂર્ત-વ્યાવહારિક રૂપ આપવાનો પ્રયત્ન કરી સિદ્ધાન્તપક્ષ અને વ્યવહારપક્ષને એક બીજાથી અજબગજબ રીતે સંગત કરવાનો પ્રયત્ન કર્યો છે. એટલું જ નહીં પરંતુ સેવાપ્રણાલિકા અને વ્યવહારમાં વ્રજની ભાષા - સંસ્કૃતિને મહત્ત્વપૂર્ણ રીતે સ્વીકારીને પણ પ્રાચીન ભારતીય વૈદિક સનાતન ધર્મના સિદ્ધાન્તો અને નિયમો સાથે પણ એટલો જ સમન્વય સધાઈને રહ્યો છે. એટલું જ નહીં પણ તે બધાની સાથે -સાથે ખાન-પાન, રીતરીવાજ, વેશભૂષા તહેવારોની ઉજવણી વગેરે સાંસ્કૃતિક બાબતોમાં પણ ભારતના ઉત્તર-દક્ષિણનો (પૂર્વ-પશ્ચિમ સહિતનો) સમાવેશ કરી જુદા-જુદા રાજ્યો - ભાષાઓ અને રીતરીવાજમાં વહેંચાયેલી ભારતીય પ્રજામાં કૃષ્ણભક્તિ-પુષ્ટિભક્તિના માધ્યમથી એકતાનું દર્શન - અનુભવ કરાવી અખંડ ભારતની ભાવનાને પ્રબલ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

‘દેવ-અસુર-મનુષ્ય-યક્ષ-ગન્ધર્વ વગેરે સર્વ જીવમાત્ર શ્રીકૃષ્ણભક્તિ - કૃષ્ણસેવા દ્વારા કલ્યાણને પામી શકે છે’ (ભાગ. ૭ -) આ ભાગવતમાં કહ્યા અનુસાર કૃષ્ણભક્તિમાં કેવલ ભારતીયો જ યા બ્રાહ્મણ વગેરે ઉચ્ચવર્ણોનો જ નહીં પણ કોઈ પણ જીવમાત્રનો અધિકાર છે આ વાત શાસ્ત્રો અને સિદ્ધાન્તમાં હોવા છતાં પણ તે વ્યવહારમાં જોવામાં નહોતું આવતું. ઉપરાંત **‘પોત પોતાના વર્ણ (બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શૂદ્ર) અનુસારના શાસ્ત્રોક્ત કર્મમાં નિષ્ઠાપૂર્વક રત રહીને**

જીવન વિતાવતાં દરેક વર્ણના લોકો ઉત્તમ સિદ્ધિને પામી શકે છે’ (ગીતા. ૧૮ - ૪૫) ગીતાના આ વાક્યોમાં પોત પોતાના કર્મોને કરતાં સહુ શ્રેષ્ઠ સિદ્ધિને પામે છે એમ કહ્યું છે તેમાં જીવમાત્ર માટેની શ્રેષ્ઠ સિદ્ધિ એ મોક્ષ છે અને એની સિદ્ધિ આ પ્રકારે માત્ર કર્મ કરવાથી શક્ય નથી તો પોતપોતાના વર્ણ-આશ્રમના કર્મ અનુસાર કર્મ કરતાં શ્રેષ્ઠ સિદ્ધિને પામવામાં કંઈક કહેવું બાકી રહે છે કે જેની સ્પષ્ટતા અઢારમા અધ્યાયમાં નથી કરી. જો કે આની સ્પષ્ટતા ગીતાના જ નવમા અધ્યાયમાં **‘સ્ત્રિયો, વૈશ્યો તથા શૂદ્રો પણ મારી ભક્તિ દ્વારા પરા-મોક્ષ ગતિને પામ્યા છે તો પછી સર્વ વૈદિક કર્મોમાં અધિકૃત એવા પુણ્ય અને ભક્તિવાળા બ્રાહ્મણો-રાજર્ષિઓ વગેરે મારી ભક્તિ દ્વારા પરા-મોક્ષ ગતિને પામે તેમાં તો કહેવાનું જ શું છે’** (ગીતા. ૯ -૩૨) કહેવામાં આવ્યું છે, પરંતુ બે અલગ જગ્યાએ અલગ પ્રકારે કહેવાયેલું હોઈ ભગવાનનો કહેવાનો આશય સમજવો કઠણ થાય છે. તેમજ જેમને વૈદિક સાધનોનો અધિકાર નથી એવા શૂદ્ર વગેરે સર્વને ભક્તિનો અધિકાર છે એમાં ભક્તિનો પ્રકાર શો ? એ સંદિગ્ધ રહે છે. ત્યારે કેટલાક ભક્તિમાર્ગીય મહાનુભાવોએ એવો અર્થ સ્વીકાર્યો કે એ બધાને પૂજા-ભક્તિનો તો અધિકાર નથી તેથી તેવા લોકોએ કૃષ્ણનામ સ્મરણ-કીર્તન દ્વારા પોતાનું કલ્યાણ સાધવું જોઈએ. પરન્તુ શ્રીવલ્લભાચાર્યજીના મતે જેમ સૂર્યનો પ્રકાશ ખુલ્લી બારીવાળા દરેક વ્યક્તિના ઘરમાં પ્રવેશી શકે છે અને પ્રવેશે છે. તેમ કૃષ્ણમાં આદર-પ્રેમ-શ્રદ્ધા રાખનારા દરેકના ઘરનો વિષય કૃષ્ણ બની શકે છે. તેમજ નામ અને રૂપ એ બન્ને એક જ કૃષ્ણના હોવાથી એકને માટે નામસેવાનો અધિકાર કહેવો અને બીજાને માટે રૂપસેવાનો અધિકાર કહેવો આમ ભક્તિમાર્ગમાં પણ બેને જુદી વાત કહેવાના કપટનો દોષ પ્રાપ્ત થશે. તેથી ભક્તિનો કોઈક એવો પ્રકાર બતાવવો જરૂરી છે કે જેમાં વિશ્વનો જીવમાત્ર કૃષ્ણના નામ-રૂપના સેવન વડે કૃષ્ણમયચિત્ત બની કૃષ્ણગતિને પામી શકે. પૂજામાં જે શૂદ્ર વગેરેને અધિકાર નથી એમ જે પૂજાને જાણાવતાં શાસ્ત્રોમાં કહ્યું છે તે પૂજાનો પ્રકાર વૈદિક પ્રકારનો અને વેદના મંત્રોના ઉપયોગવાળો હોઈ તેમ કહ્યું છે. પરંતુ કૃષ્ણસેવા એ માત્ર વૈદિક પ્રકારે યા વેદમંત્રોથી જ થઈ શકે તેવો કોઈ નિયમ કૃષ્ણસેવા બાબતનો નથી.

આ જ બાબતને જાણાવતાં શ્રીવલ્લભાચાર્યજી ભાગવત સુબોધિનીમાં (૨-૧-૫) જાણાવે છે કે - **‘જેનું વેદમાં વિધાન કરાયું છે તેવાં અગ્નિહોત્ર વગેરે કર્મો અથવા આત્મજિજ્ઞાસા વગેરે નહીં કહીંને ‘ભગવાન સાંભળવા-કીર્તવા-સ્મરવા’ એમ કેમ શ્રીશુકદેવજી કહી રહ્યા છે ? આ પ્રકાર અવૈદિક એટલે કે વેદમાં જાણાવેલો નહીં હોવાથી ? ’** એમ પ્રશ્ન ઉઠાવીને તેના સમાધાનમાં શુકદેવજીના વાક્યમાં ભગવાન શબ્દનું વિશેષણ **સર્વાત્મા** ઉપયોગ થયેલું હોઈ તેને સાથે રાખી અર્થ કરતાં જાણાવે છે કે - **જેને અભય એટલે કે મોક્ષને પામવાની ઈચ્છા હોય તેણે ભગવાન સાંભળવા વગેરે. તેમજ મોક્ષ પામવાની ઈચ્છા ફક્ત બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્યને જ હોઈ શકે છે, બીજા શૂદ્રો યા વર્ણથી ઈતર અભારતીય - અવૈદિક જીવોને તેની ઈચ્છા ન થાય, તેવો કોઈ નિયમ યા બંધારણ ભગવાનની આ સૃષ્ટિમાં નથી, તેથી બીજાઓને પણ કે જેઓએ સદ્ આચરણ વડે પોતાને શુદ્ધ કર્યા છે તેવાઓને પણ મોક્ષ મેળવવાની ઈચ્છા થઈ શકે છે, તેથી ઉપર કહેલા ત્રણ વર્ણના લોકોને માટે ભલે વેદમાર્ગ હોય પણ બાકીના મુમુક્ષુઓને માટે પણ કોઈક મોક્ષપ્રાપ્તિનો ઉપાય કહેવો જરૂરી છે, તેમજ ભગવાન સર્વાત્મા છે તેથી ભગવાન માત્ર ત્રણ વર્ણના જ આત્મા છે તેમ નથી પરન્તુ ભગવાન જીવમાત્રમાં ચેતનરૂપે વ્યાપીને રહેલા છે, તેથી તેવા સર્વાત્મા ભગવાન્ સમ્બન્ધી જ કોઈક ઉપાય સર્વનું કલ્યાણ સાધનાર હોઈ શકે છે. વળી બીજી વાત એ પણ છે કે પોતાનો આત્મા દરેકને માટે સાંભળવા યોગ્ય જ હોય છે, તે ક્યારેય સાંભળવા અયોગ્ય હોતો નથી. તેમજ વેદમાં ‘અરે ! આ આત્મા જોવો-સાંભળવો’ ‘આ આત્માને પામવાથી અધિક બીજું કંઈ પણ નથી’ ‘આ આત્માને જાણનાર-અનુભવનાર સર્વ શોક-દુઃખથી તરી જાય છે’ વગેરે વેદવાક્યોમાં ઉપયોગ કરાયેલ આત્મા શબ્દ** (આત્મા એટલે જે વ્યાપીને રહેલો હોય તે) **સર્વ જીવમાત્રમાં વ્યાપીને રહેલ પરમાત્મા માટે જ કહેવાયો છે, નહીં કે આત્મા શબ્દથી કોઈ જાતિને જાણાવનાર છે, તેથી ભાગવતમાં શુકદેવજીના કહ્યા મુજબ જે સર્વનો આત્મા છે તે સાંભળવો એમ તાત્પર્ય છે.’** શ્રીવલ્લભાચાર્યજી આ શ્રીશુકદેવજીના કથનના આશયને સ્પષ્ટ કરતાં વાક્યોથી ગીતામાં કહેવાયેલ **‘ભક્તિથી શૂદ્રો પણ પરાગતિને પામ્યા છે’** એ પામવાનો ભક્તિનો પ્રકાર વેદમાં વિધાન કર્યા પ્રકારની ભક્તિ ઉપરાંતનો કોઈક પ્રકાર ગીતામાં કહેવામાં અધ્યાહાર છે. વૈદિક કર્મ વડે યા વેદમાં કહેલા સાધનોના આચરણ વડે સાધકની જે

ચિત્તશુદ્ધિ સધાય છે તેથી તે મોક્ષ પામવા યોગ્ય બને છે, એ જ ચિત્તશુદ્ધિ ભગવાન માટેના અતિશય પ્રેમથી પણ સધાય છે, તેથી ભક્તિનો એ પ્રકાર પ્રકાશમાં આવવો જરૂરી છે કે જેથી સાધકમાં ઉત્કટ કૃષ્ણપ્રેમ ઉદ્ભવીને તેના ચિત્તની સર્વ અશુદ્ધિઓ દૂર થાય.

આપણું ચિત્ત યા મન એ આજની આપણી પ્રારંભિક-સાધન દશામાં કેવલ આત્મા સાથે સમ્બન્ધવાળું નહીં પણ વધુ કરીને શરીર-પ્રાણ અને ઈન્દ્રિયો સાથે જડાયેલું છે. તેવી સ્થિતિમાં ગીતામાં જણાવ્યા મુજબ - **‘ઈન્દ્રિયો વગેરેથી જોડાયેલો મનુષ્ય (જીવ) એ એક ક્ષણ પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી’** (ગીતા.) કેવલ મનના સાધનથી ચિત્તમાં રહેલી અહંતા-મમતા વગેરે અશુદ્ધિઓને દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવે ત્યારે પણ મન સાથે અભિન્નતાએ જોડાઈને રહેલા શરીર-ઈન્દ્રિય વગેરે કર્મમાં પ્રવૃત્ત થઈ - ક્રિયાશીલ બની મનને પણ પોતાની સાથે કર્મમાં ખેંચે, ત્યારે જો તેવાં કર્મો કૃષ્ણની વિપરીત દિશાવાળા હોય તો સતત કૃષ્ણવિપરીત ખેંચાઈને રહેલા ચિત્તમાંથી અશુદ્ધિઓ દૂર થાય એ શક્ય નથી. અને જો થાય પણ તો તે ઘણાં જન્મોની સાધનાના અન્તે લાંબાકાળે શક્ય બને. તેથી ભક્તિનો એ જ પ્રકાર અહીં અપેક્ષિત રહે છે કે જેમાં શરીર, ઈન્દ્રિયો, પ્રાણ વગેરે સહિત મન કૃષ્ણમાં પરોવાઈને રહે અને એ બધાના સહકારે - કૃષ્ણ સાહચર્યે કૃષ્ણમાં મનનો અનન્ય પ્રેમ સધાય. અને એ ભક્તિનો પ્રકાર એ જ હોઈ શકે છે જેમાં ભગવાનના સ્વરૂપનું (મૂર્તિનું) આજ કૃષ્ણ છે તેવા મનના દઢ ભાવ સાથે કૃષ્ણ સેવામાં સાધકના દેહ-ઈન્દ્રિય-પ્રાણ-મન-બુદ્ધિ વગેરે યોજાઈ શકે. અતઃ આજ પ્રકારનો સેવાનો પ્રકાર શ્રીવલ્લભાચાર્યજીએ ‘કૃષ્ણ સેવા સદા કરવી, માનસી સેવા મુખ્ય છે તેની સિદ્ધિ માટે તનુ-વિત્તજા સેવા કરવી’ વગેરેથી અષ્ટયામ સેવાના ઉપદેશથી બતાવ્યો, પરંતુ યામ એટલે એક પ્રહર, બરાબર ત્રણ કલાક, એમ દિવસના ચાર પ્રહર અને રાત્રીના ચાર પ્રહર એટલે કે રાત-દિવસ આ બધું (દેહ-ઈન્દ્રિય વગેરે કૃષ્ણસેવામાં જોડાઈને રહે તે કેવી રીતે ? આઠ સમાની (મંગળાથી શયન પર્યન્તની) સેવા કરવાથી રાત-દિવસની સેવાનો પ્રકાર સમજી શકાતો નથી, તે કેવી રીતે ? તો તે બાબતમાં સાધના પરાયણ વૈષ્ણવોની સાધનાના પ્રકાર બાબતમાં શ્રીવલ્લભાચાર્યજીનો જે આશય હતો તે આશયને જ ગ્રહણ કરી શ્રીવિઠ્ઠલેશ્વરજીએ પુષ્ટિમાર્ગીય સેવાની રીત-ભૉંત-નિયમો વગેરે સ્પષ્ટ કર્યા. આ પ્રકારની કૃષ્ણની સ્વરૂપસેવા બ્રાહ્મણથી લઈને શૂદ્ર પર્યન્ત અથવા વિશ્વના કોઈ પણ દેશનો નિવાસી કોઈ પણ જ્ઞાતિનો હોય તે કરી શકે છે અને તેના વડે પ્રેમપૂર્વક-ભાવપૂર્વક કરાયેલી સેવા યા સેવામાં ભગવાનને અર્પણ કરાયેલ જલ-વસ્ત્ર-અન્ન-પુષ્પ વગેરે પદાર્થો ભગવાન્ પ્રત્યક્ષ સ્વીકારે છે - તેનો ભોગ કરે છે અને તેવા કૃષ્ણના સ્વીકારથી જ જીવનું કલ્યાણ સધાય છે.

શ્રીવલ્લભાચાર્યજીના દ્વારા સ્વીકૃત આ સિદ્ધાન્તો ગ્રન્થોમાં યા પરમ્પરાગત માન્યતામાં રહેલા હોઈને પણ તેનું વ્યાવહારિક રૂપ સામે આવી શક્યું ન હતું, શ્રીવલ્લભાચાર્યજીના આ ક્રાન્તિકારી વિચારોને શ્રીવિઠ્ઠલેશ્વરજીએ સમ્પ્રદાયના વ્યવહારમાં અમલમાં મૂક્યા. શ્રીવિઠ્ઠલેશ્વરજીના વિશાલ શિષ્ય - સેવક સમુદાયમાં બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય ઉપરાંત જેને અન્ત્યજ વગેરેથી જાણવામાં આવે છે એવા શૂદ્રો તથા વર્ણેતર લોકોનો પણ મોટી માત્રામાં સમાવેશ થયેલો જોવા મળે છે. જે પૈકી રસખાન પઠાણ, અલિખાન પઠાણ, પીરજાદી, તાજબીબી, મોહન ભંગી, મેહાઢીમર વગેરે નામો ઉલ્લેખનીય છે. આ પૈકી જેમને કૃષ્ણસેવા માટે કૃષ્ણ સ્વરૂપ શ્રીવિઠ્ઠલેશજીએ પધરાવી આપ્યું હતું તે પૈકીના કેટલાક ભગવત્સ્વરૂપો આજે પણ શ્રીવલ્લભકુલના ઘરોમાં યા પુષ્ટિમાર્ગમાં બીજે સેવામાં બિરાજમાન છે.

(પ્રસંગ -૧) એક વખત શ્રીવિઠ્ઠલેશજી વ્રજમાં માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા અને શિષ્ય સમુદાય ગુરુ સેવાના હેતુથી સાથે - સાથે ચાલી રહ્યો હતો. તેવામાં માર્ગના મધ્યે એક કુંજર જાતિની વૃદ્ધા સ્ત્રી અસહ્ય ગરમીના કારણે પાણી વિના અતિશય વિકલ બની તરફડિયા મારી રહી હતી. અમારા ગુરુ પાછળ આવી રહ્યા છે અને જો આ સ્ત્રી ભૂલથી વિકલતામાં તેમને અડકી જશે તો ગુરુ છોવાઈ જશે એમ વિચારી શિષ્યો પૈકી એક જાણે પેલી વૃદ્ધ સ્ત્રીને માર્ગના મધ્યેથી ઢસડીને એક તરફ કરી દીધી. ચાલતાં-ચાલતાં આ દશ્ય શ્રીવિઠ્ઠલેશ્વરજીની દષ્ટિમાં આવ્યું. દયાનિધાનનું હૃદય દ્રવીભુત થઈ ઉઠ્યું. તેઓશ્રી માર્ગમાં ત્યાંજ ઉભા રહી પોતાના

સેવક પાસેથી સોનાની ઝારી (પીવા માટે જળ ભરી રાખવાનું પાત્ર) પોતાના હાથમાં લઈ અને પેલી વૃદ્ધ સ્ત્રી જ્યાં તરફડી રહી હતી ત્યાં જઈ સ્ત્રીનું મસ્તક પોતાના ખોળામાં લઈ ઝારી વાટે તેને જળ પીવડાવ્યું. એક સેવકે ડાહ્યા બની કહ્યું જય-જય ! આ ડોસી કુંજરી જાતિની - નીચી જાતિની છે તેથી આ ઝારી છોવાઈ ગઈ. શ્રીવિઠ્ઠલેશજીએ કહ્યું સોનાની ઝારી કરતાં ઘણુંબધું વધારે કીમતી પ્રભુએ જે પ્રાણીને જીવન આપ્યું છે તે છે તેથી પ્રાણીમાત્રના જીવનની રક્ષા એ ભક્તોને પ્રભુએ આપેલો ધર્મ જ છે.

(પ્રસંગ-૨) એક વખત અકબર બાદશાહને જાણવાની ઈચ્છા થઈ કે ખુદા કેવી રીતે મળે. ઘણાંને પૂછવા છતાં પણ બાદશાહના મનમાં સંતોષ થયો નહીં. બાદશાહે પોતાની મૂંઝવણ બિરબલને કહી. બિરબલે કહ્યું વ્રજમાં એક ફકીર - સન્ત છે તે આનો સચોટ ઉત્તર આપી શકે છે, પરન્તુ એ એવા ફકીર છે કે તેને ભગવાન સિવાય કોઈની ગરજ નથી, તેથી તે જવાબ આપવા તમને મળવા આવશે નહીં. જો તમે ત્યાં ચાલો તો તેમને પૂછાય. બાદશાહને જાણવાની તીવ્ર ઈચ્છા હતી તેથી સીકરીથી બિરબલ સાથે ગોકુલ જવા તૈયાર થયા અને પ્રવાસનો લવાજમો લઈ ગોકુળ પહોંચ્યા. તે વખતે ગોકુળમાં શ્રીવિઠ્ઠલેશજી પોતાના ગૃહમાં શ્રીનવનીતપ્રભુની સેવામાં હતા. તેઓશ્રીને શિષ્યો દ્વારા ખબર મોકલવામાં આવી કે અકબર બાદશાહ બિરબલ સહિત મળવા આવ્યા છે. અંદરથી જવાબ મોકલવામાં આવ્યો કે અત્યારે અમે ભગવાનની સેવામાં છીએ તેથી બહાર આવતા સમય લાગશે. જો અનુકૂળતા હોય તો બેઠકમાં અમારા આવવાની પ્રતીક્ષા કરો. બાદશાહને પૂછવાની તાલાવેલી હતી તેથી બધું ભૂલી પ્રતીક્ષા કરવા લાગ્યા. લગભગ ત્રણ-ચાર કલાક બાદ સેવાથી પરવારી શ્રીવિઠ્ઠલેશજી બેઠકમાં પધાર્યા અને બાદશાહ-બિરબલના ક્ષેમ-કુશલ પૂછ્યા અને પૂછ્યું આપ અહીં શા કારણે આવ્યા છો. બાદશાહે પોતાનો પ્રશ્ન રજુ કરતાં જણાવ્યું કે સન્તશ્રી ! ખુદા કેવી રીતે મળે એ જાણવા હું અહીં આપની પાસે આવ્યો છું અને લોકોમાં આપના જ્ઞાન અને સન્તપણાની પ્રતિષ્ઠા સાંભળી મને વિશ્વાસ થયો છે કે આપશ્રી ખુદા સાથે પ્રત્યક્ષ સમ્બન્ધમાં છો તેથી મને નક્કી જ આપનાથી સાચો અને સન્તોષકારક ઉત્તર મળશે. શ્રીવિઠ્ઠલેશજીએ જવાબ આપતાં જણાવ્યું કે ખુદા કેવી રીતે મળે, તો એનો સીધો સાદો ટૂંકાણમાં સત્ય ઉત્તર એ જ હોઈ શકે કે **જેમ અમે તેમને મળ્યા તેમ તમને ખુદા મળી શકે.** શ્રીવિઠ્ઠલેશ્વરની ગૂઢ વાણીને બાદશાહ સમજી શક્યા નહીં તેથી સમજી શકાય તે રીતે કહેવા વિનન્તી કરી ત્યારે ચોખવટ કરતાં શ્રીવિઠ્ઠલેશ્વરજીએ જણાવ્યું કે તમે બાદશાહ, એકદમ જલદી કોઈને મળવા જાઓ નહીં, કોઈ તમને મળવા આવે તો એ તમે જલદીથી મળો નહીં. અને તમે ભારતના શહેનશાહ-સમ્રાટ છો તેથી તમને જાતજાતના અનેક કાર્યોમાંથી ફુરસદ જ ન મળે. એ બધું છોડીને તમે એક નાના અમથા ગામડામાં અને ત્યાં પણ જેમને રાજકરણ સાથે કે વ્યાપારકરણ સાથે કોઈ લેવા દેવા નથી એવાના ઘરે સામે ચાલીને સીકરથી ગોકુળ મળવા આવ્યા. એનું એક જ કારણ કે તમારા મનમાં થયેલા પ્રશ્નનું સમાધાન મેળવવાની તમને તીવ્રતર લાલસા છે. તેથી અમે તમને મળ્યા. આવી જ જો તીવ્રલાલસા ખુદાને મળવાની મનમાં પેદા થાય અને બધું જ ભૂલી જઈ ખુદાને મળવાના એકમાત્ર પ્રયત્નમાં તમે લાગી જાઓ તો ખુદા અવશ્ય મળે. આ સાંભળી બાદશાહને ખૂબ જ સન્તોષ થયો.

(પ્રસંગ-૩) દક્ષિણ ગુજરાતમાં સમુદ્ર કિનારાથી થોડે જ દૂર અને તાપી નદીના કિનારે વસેલું સુરત શહેર તે સમયે નવાબી રાજ્ય હતું. ત્યાં એક હિન્દુ પરિવાર રહેતું હતું. તેમાં તે પરિવારની એક સ્ત્રી ખૂબ જ રૂપ રૂપનો અમ્બાર હતી. એક વખત એક સુબાના મોટા હોદ્દા પર રહેલ મુસ્લિમ રાજ્ય કર્મચારીની નજર આ સ્ત્રી પર પડી અને તે એના રૂપમાં અંજાઈ પડ્યો. મનમાં નકકી કર્યું કે ગમે તે રીતે આ સ્ત્રીને પ્રાપ્ત કરવી. એણે સત્તા અને પૈસાના જોરે બોગસ પુરાવાઓ ઉભા કરી આ સ્ત્રીએ મારી સાથે નિકાહ પઢ્યા છે અને તેથી એણે મારી સાથે મારા ઘરે જ રહેવું જોઈએ એમ જણાવી રાજ્ય કાયદાના જોરે તે સ્ત્રીને બળજબરીથી પોતાના ઘરે લઈ જવા બળ અજમાવી રહ્યો હતો. આ આખો કેસ સર સુબા પાસે ગયો અને એણે પણ સાચી વાતની જાણ હોવા છતાં પણ પક્ષપાતી વલણ રાખી સ્ત્રીના વિરુદ્ધમાં ચુકાદો આપી ફરમાન કર્યું કે સ્ત્રીએ આ પુરુષના ઘરે જવું અને એમાં જે રોક ટોક કરે એને જેલ ભેગા કરવા. ત્યારે સત્તાની સામે સ્ત્રીના પરિવારના અને સગા સમ્બન્ધીઓ સર્વ ડરીને ચુપ રહ્યા અને કોઈએ કોઈ વિરોધ કર્યો નહી. ત્યારે સર્વ પ્રકારે અસહાય બનેલી

પેલી સ્ત્રી જોર જોરથી કરુણ ક્રન્દન કરતાં ચિલ્લાઈ રહી હતી કે શું આ નગરમાં એક હિન્દુ સ્ત્રીની લુટાતી લાજને બચાવનાર કોઈ વીરપુરુષ રહ્યો નથી ? આ સમયે શ્રીવિઠ્ઠલનાથજી સુરત પધાર્યા હતા અને આ સ્ત્રીના કરુણ ક્રન્દનભર્યા સ્વરો - શબ્દો આપશ્રીના કાને પડ્યા. આપશ્રી તે જ વખતે ત્યાં પધાર્યા અને આનો સાચો ન્યાય કરાવવા આ કેસ બાદશાહ પાસે લઈ જવા આગ્રહ રાખ્યો. આપશ્રીના પ્રભાવથી તત્કાલ ફરમાનની બજવણી નહીં કરીને સીકરી-બાદશાહના દરબારમાં કેસ રજુ કરવામાં આવ્યો. તે જ વખતે બાદશાહ સાથેનો પોતાનો સમ્બન્ધ અને તેનાં પર પોતાના પ્રભાવના આધારે શ્રીવિઠ્ઠલનાથજીએ બાદશાહને કહેણ મોકલ્યું કે અમારા હિન્દુઓની એક સ્ત્રીની ઈજ્જત-પ્રતિષ્ઠાનો સવાલ લીધેલો આ કેસ છે અને વળી તે ખૂબ જ નાજુક પરિસ્થિતિનો કેસ છે તેથી આનો ન્યાય અમારી દેખરેખ અને નિર્ણયમાં જ થવો જોઈએ. તો જ સાચો ન્યાય થયો કહેવાશે. બાદશાહે આ વાતનો સ્વીકાર કર્યો અને શ્રીવિઠ્ઠલનાથજીના વડપણમાં કેસની સુનાવણી શરુ થઈ. ત્યાં પણ પેલા પુરુષે ખોટા દસ્તાવેજો અને ખોટા સાક્ષીઓ વગેરે ખોટા પુરાવાઓ રજુ કર્યા જેની સામે સર્વ રીતે પોતાને અસહાય સમજીને ડઘાઈ ગયેલી સ્ત્રી કંઈ પણ પોતાના તર્ફે કહી શકી નહી. બીજા દિવસે ચુકાદો આપવાનો હતો. તેથી આજની બેઠકને અન્તે શ્રીવિઠ્ઠલનાથજીએ હુકમ કર્યો કે બન્નેને (સ્ત્રી-પુરુષને) અલગ-અલગ લોખંડના પાંજરામાં પુરીને એકાન્તમાં રાખવામાં આવે અને ત્યાં તેઓ ઊંડાણથી આત્મમંથન કરે, ત્યારબાદ આવતી કાલે બંનેના ફરીથી બયાન લઈ તથા તેમની ઈચ્છાને જાણી કાયદાના આધાર પર જે કંઈ પણ ન્યાય સંગત હશે તે કાલે કહીશું. બંનેને લોખંડના પાંજરામાં પૂરીને એકાન્ત સ્થળે બંનેના પાંજરા પાસે - પાસે રાખવામાં આવ્યા. પેલી સ્ત્રી ચતુર હતી, બધી વાતનો તે તાગ પામી ગઈ અને શ્રીવિઠ્ઠલનાથજીએ આમ કેમ કહ્યું તેનો આશય પણ સમજી ગઈ અને જાણે કે એ સ્ત્રીને પણ આ પુરુષ માટે આકર્ષણ છે તેવો દેખાવ કરી મધુર સ્મિત સાથે સ્ત્રીએ પેલા પુરુષ સાથે વાતો કરવી આરંભી. એણે વાતવાતમાં પૂછી લીધું કે તમે એવા તે કેવા કાવા દાવા કર્યા કે આ પુરાવા ઉભા થઈ શક્યા. ખરેખર તમારી આ બુદ્ધિ ઉપર અને મને મેળવવાના તમારા આ પ્રયત્નો ઉપર હું ફિદા થઈ ગઈ છું. ત્યારે સ્ત્રીના મધુરતાભર્યા શબ્દોની વાગ્જાળમાં ફસાઈને તે પુરુષે જે રીતે તેણે સત્તા અને પૈસાના જોરે બોગસ પુરાવા ઉભા કર્યા હતા તે બધું જ વિગતવાર તેણે સ્ત્રી આગળ કબૂલી લીધું. તેને ખાત્રી થઈ ગઈ હતી કે કેસ પણ મારા ફેવરમાં જઈ રહ્યો છે અને હવે બાઈ પણ મારામાં લપટાઈ ચૂકી છે. બીજા દિવસે ચુકાદો આપવા દરબાર ભરાયો. શ્રીવિઠ્ઠલનાથજી - બાદશાહ - બીજા મંત્રીઓ - પ્રધાનો વગેરે હોદ્દેદારો સહિત ચુકાદાને જાણવા-સાંભળવા મોટી સંખ્યામાં લોકો હાજર થયા હતા. પુરુષ - સ્ત્રીને પણ પાંજરામાં જ ત્યાં લાવવામાં આવ્યા. બધાના વચમાં જ બધાના દેખતાં અને સાંભળતાં શ્રીવિઠ્ઠલનાથજીએ બાદશાહના અંગત ગુપ્તચરોને આદેશ આપ્યો કે રાત્રે તમે આ બન્ને જણાંની એકાન્તમાં જે વાતો થઈ હોય એને તમે જે શબ્દેશબ્દ નોંધી હોય તે બધાની સામે બાદશાહ આગળ રજુ કરો. અને તે ગુપ્તચરોએ રજે રજ વાત નોંધી હતી તે વાંચી સંભળાવી જેમાં પુરુષે કાવાદાવાથી ઉભા કરાયેલા નકલી પુરાવાઓના બળે તથા સત્તા - પૈસાના બળે સ્ત્રીને બળજબરીથી અને અન્યાયથી હડપી લેવાની પ્રવૃત્તિની કબુલાત કરી હતી. આ સાંભળી દરબારીઓ- પ્રધાનો સહિત બાદશાહ પણ દંગ થઈ રહ્યા અને ન્યાય અર્થે સત્ય ઉજાગર કરવા બદલ શ્રીવિઠ્ઠલનાથજીનો ખૂબ જ આદર સહિત હૃદયપૂર્વકનો ધન્યવાદ કરી પુરુષને કાયદા પ્રમાણે મોટી સજા કરી સ્ત્રીને બાઈજ્જત મુક્ત કરવામાં આવી.

(પ્રસંગ-૪) શ્રીવિઠ્ઠલનાથજી શાસ્ત્રીય વેદ-વેદાન્ત વગેરેના પ્રકાંડ વિદ્વાન ઉપરાંત તેઓશ્રી ચિત્રકલા, સંગીતકલા, વાદ્યકલા, પાકકલા, પુષ્પગુંથન કલા, શ્રૃંગાર-આભૂષણ કલા વગેરે ઘણીબધી કળાઓમાં પણ ખૂબ જ નિપુણ હતા. તેઓશ્રીની સંગીતકલામાં નિપુણતા બાબત શ્રીરઘુનાથજીએ સ્વવિરચિત નામરત્નાખ્ય ગ્રન્થમાં **‘गीतसङ्गीतसागरः’ ગીત-સંગીતના સાગરસમ** તરીકે નવાજ્યા છે. તે સમયના ભારતભરમાં સંગીતક્ષેત્રે સંગીતના બાદશાહ તરીકે મહાન્ ખ્યાતિને વરેલા અને અકબર બાદશાહના દરબારમાં નવરત્નો પૈકીના એક એવા સુપ્રસિદ્ધ સંગીતકાર-ગાયક તાનસેનજીએ ઘણાં સંગીતકારો અને સ્વયં બાદશાહના મુખે શ્રીવિઠ્ઠલનાથજીની સર્વાધિક સંગીતપ્રિયતા અને સંગીત નિષ્ણાત તરીકે ખ્યાતિ સાંભળીને મનમાં વિચાર્યું આવા મહાન્ પુરુષો જો મારી કલાને મુક્તકંઠે વખાણે તો જ મારી સાચી ખ્યાતિ કહેવાય. તેમજ બાદશાહે પણ તેમને ગોકુળ જઈ પોતાની કલા રજુ કરવા જણાવ્યું

તેથી તેઓ શ્રીવિઠ્ઠલનાથજી સમક્ષ પોતાની કલા રજુ કરવાના હેતુથી ગોકુળ આવ્યા. શ્રીવિઠ્ઠલનાથજી સેવા કાર્યથી પરવારી પોતાની બેઠકમાં પોતાના શિષ્યસમુદાય સહિત બિરાજમાન થયા ત્યારે તાનસેનજીએ શ્રીવિઠ્ઠલનાથજીને પ્રણામ કરી બાદશાહની અને પોતાની ઈચ્છા વ્યક્ત કરી. શ્રીવિઠ્ઠલનાથજીની અનુમતિ મળતાં તાનસેનજીએ પોતાની ઉત્તમમાં ઉત્તમ જાણકારીપૂર્વક રાગ રાગિણીઓના ગાન વડે પોતાની કલા પ્રસ્તુત કરી. તેમને પૂર્ણ વિશ્વાસ હતો કે મેં જે આજે ઉત્તમ રીતે સંગીત પ્રસ્તુત કર્યું છે તેથી અતિશય પ્રસન્ન થઈને શ્રીવિઠ્ઠલનાથજી પોતાને મોટું ઈનામ આપશે અને એને પુરાવા તરીકે બાદશાહને બતાવશે. સંગીત પૂર્ણ થતાં શ્રીવિઠ્ઠલનાથજીએ સોનામહોર ભરેલો એક બટવો તાનસેનજીને આપતાં કહ્યું કે તમારા જેવા સંગીતકારને અમારી પાસે મોકલવા માટે બાદશાહનો હું આભાર માનું છું. પ્રસન્ન થઈને તાનસેનજીએ બટવામાં નજર કરી તો સોનામહોરોની સાથે એમાં એક કોડી પડી હતી. તાનસેનજીએ કહ્યું કદાચ આ કોડી ભૂલથી સોનામહોરો સાથે આવી ગઈ લાગે છે. ત્યારે શ્રીવિઠ્ઠલનાથજીએ કહ્યું કે ના, આમાં કોઈ ભૂલ થઈ નથી. તાનસેનજીએ એનું કારણ પૂછતાં શ્રીવિઠ્ઠલનાથજીએ જણાવ્યું કે તમે સંગીતના જાણકાર છો અને વળી પાછા તમને બાદશાહે અમારી પાસે મોકલ્યા છે અને વળી પાછા તમે અમારા મહેમાન છો તેથી તમારો ઉચિત સત્કાર કરવો એ અમારી ફરજ છે તેથી સોનામહોર આપી છે, પરન્તુ જ્યાં સુધી સંગીતનો સવાલ છે એ ભલે સ્વર, તાલ, રાગ વગેરેથી સમ્પન્ન હોય, છતાં પણ જો તે લૌકિક-સાંસારિક વિષયોથી સંબન્ધ કરેલું હોય અને જેમાં ભગવાનનો નિર્મલ યશ ન ગવાયો હોય તેવું ગાન સંગીત જ હોતું નથી અને તે અમારી દૃષ્ટિમાં કોડી બરાબર હોય છે તેથી સાથે એક કોડી પણ મૂકી છે, એમ કહી શ્રીવિઠ્ઠલનાથજીએ પોતાના પ્રિય શિષ્ય અને તે સમયના ઉત્તમ સંગીતજ્ઞ-ધ્રુવપદ-ધમારમાં નિષ્ણાત અષ્ટછાપ પૈકીના એક એવા ગોવિન્દદાસજીને ભગવદ્‌યશ સંભળાવવા આજ્ઞા કરી અને ગોવિન્દદાસજી (ગોવિન્દસ્વામી)એ મધુરકંઠમાં ઉત્તમ રીતે તાલ-લય-સ્વર રાગ બદ્ધતા સહ ભગવાનનો નિર્મળ યશ ગાયો જે સાંભળી આશ્ચર્યસહ મંત્રમુગ્ધ બનેલા તાનસેનજીથી અનાયાસ તેની પ્રશંસા થઈ ગઈ.

(પ્રસંગ-૫) મુસ્લિમ સમાજના નિયમ અનુસાર બાદશાહની અનેક બેગમો પૈકીની એક બેગમ કે જેનાં તરફ બાદશાહની વિશેષ નજર ન હતી. લગભગ અણમાનિતિ કહી શકાય તેવી હતી. એને કોઈએ સલાહ આપી કે ગોકુળના એક સાંઈ (સન્ત) ઘણાં જ પ્રતાપી છે. જો એ કોઈ તાવીજ (માદળિયુ) કરી આપે તો બાદશાહ વશ થાય. બેગમ ગોકુળ આવી પોતાનું દુઃખ - દર્દ શ્રીવિઠ્ઠલનાથજી સમક્ષ વિગતવાર નિવેદન કરી એક તાવીજ બનાવી આપવા પ્રાર્થના કરી. શ્રીવિઠ્ઠલનાથજીએ એક કાગળ પર એક મંત્ર લખી તાવીજ બનાવી બેગમને આપ્યો અને જણાવ્યું કે રોજ આ તાવીજમાં લખેલા મંત્રનો જપ કરવો તેનાં અનુસાર વર્તવું અને તાવીજ ધારણ કરી રાખવું. શ્રીવિઠ્ઠલનાથજીના કહ્યા અનુસાર બેગમે બધું જ યથાયોગ્ય આચરવું આરંભ કર્યું અને થોડા જ દિવસોમાં તેની અસર વર્તાવા લાગી. ધીમે ધીમે બાદશાહની નજર બીજી બેગમ તરફ ઘટીને આ બેગમ તરફ વધવા લાગી. આથી બીજી બેગમો વિમાસણમાં મૂકાઈ ગઈ અને પેલી બેગમ પ્રત્યે ઈર્ષ્યાથી બળવા લાગી. બેગમોએ બાદશાહને ચઢાવ્યા કે આ બેગમે તો તમારા પર કંઈક કામણ ટોમણ કરીને તમને વશ કર્યા છે, જો વિશ્વાસ ન થાય તો પ્રત્યક્ષ જઈ લેજો, તે બેગમ ગળામાં થોડા વખતથી કોઈ તાવીજ પહેરે છે, રોજ એને ખોલી એમાં લખેલા મંત્રનો જપ કરે છે અને આ તાવીજ કોઈ હિન્દુ સન્તે એને આપ્યું છે. આ સાંભળી બાદશાહ ક્રોધે ભરાઈ ગયા અને ગુસ્સામાં આવી તત્કાળ બેગમ પાસે જઈ જોયું તો ખરેખર તેના ગળામાં તાવીજ હતું. તે તાવીજ બેગમના ગળામાંથી ખેંચી-ખૂંચવી લઈ તેમાંથી કાગળ કાઢી કાગળમાં લખેલો મંત્ર બાદશાહે વાંચ્યો તો બાદશાહ આશ્ચર્યમાં પડી ગયો. તેમાં કોઈ મંત્રમાં આવતા હોય છે તેવા હ્રિં-ક્લિં-છૂ-છા-છી-વશ્યંકુરુ-સ્વાહા વગેરે કોઈ શબ્દ લખ્યા ન હતા પણ તેમાં બે લાઈનમાં લખ્યું હતું - **‘પતિ કહે સો કીજિયે, પતિ આપ હી તે બસ હોય’** બેગમે કહ્યું સન્તની સૂચના મુજબ આ મંત્રમાં લખ્યા મુજબ વર્તવાનો મેં પ્રયાસ કર્યો અને તેનાં શુભફળરૂપે તમારી મારા ઉપર ઈનાયત થવા લાગી. હિન્દુ સન્તની આવી મનુષ્યજીવનમાં સાચી સલાહભર્યા મંત્રને જોઈ બાદશાહ ખૂબ જ પ્રભાવિત થયો અને પોતાને પણ તે સન્ત પાસે લઈ જવા બેગમને કહ્યું.

શ્રીવિઠ્ઠલનાથજીને પુષ્ટિસમ્પ્રદાયમાં અતિશયઆદર અને પ્રેમવશ

શ્રીગુસાંઈજી અને શ્રીપ્રભુચરણના નામથી પણ ઘણું કરીને સંબોધન કરવામાં આવે છે.

આપશ્રીના આપના જેવા જ પ્રતાપી અને વિદ્વાન સાત પુત્રો થયા. જે અનુક્રમે (૧) શ્રીગિરિધરજી, (૨) શ્રીગોવિન્દરાયજી, (૩) શ્રીબાલકૃષ્ણજી, (૪) શ્રીગોકુળનાથજી, (૫) શ્રીરઘુનાથજી, (૬) શ્રીયદુનાથજી, (૭) શ્રીઘનશ્યામજી. આ જે પણ શ્રીવલ્લભાચાર્યવંશજ આચાર્ય પરિવાર વિદ્યમાન છે તે આ સાત પુત્રોના જ વંશના છે. અહીં એ નોંધવું જરૂરી છે કે અત્યાર સુધીમાં જે પણ વંશો પ્રચલિત થયા તેમાં તે વંશમાં ઉત્પન્ન થનારાઓ દ્વારા વિશ્વના જિજ્ઞાસુ સમુદાયને જેટલું સાહિત્ય આપવામાં આવ્યું છે તેમાં સહુથી મોખરે શ્રીવલ્લભાચાર્ય- શ્રીવિઠ્ઠલનાથજીના વંશજો રહેલા છે અને આજે પણ સાહિત્ય સર્જનની પ્રક્રિયા ચાલૂ જ છે. આથી એમ જાણી શકાય છે કે આ વંશમાં ઘણાં બધાં નિષ્ઠાવાળા પ્રકાંડ વિદ્વાનો જન્મ્યા છે.

શ્રીવિઠ્ઠલનાથજી- શ્રીગુસાંઈજીએ પોતાના જીવન સમય દરમિયાન ઘણાં ગ્રન્થો લખ્યા છે જે બધા જ સંસ્કૃત ભાષામાં લખાયેલા છે. જેમાં શ્રીવલ્લભાચાર્યજીકૃત અણુભાષ્યનો અધૂરો- બાકી રહેલો ભાગ તેની પૂર્તિ, નિબન્ધ પકાશમાં શ્રીવલ્લભાચાર્યજી દ્વારા લખાયેલનો અધૂરો ભાગ તેની પૂર્તિ, વિદ્વન્મંડન, શ્રૃંગારરસમંડન, ભક્તિહેતુનિર્ણય, ભક્તિહંસ, ગીતાર્થસંગ્રહ, ગીતા તાત્પર્ય, ગીતાન્યાસાદેશ વિવરણ નવવિજ્ઞપ્તિ વગેરે ઉપરાંત શ્રીવલ્લભાચાર્યજીના પ્રકરણ ગ્રન્થો ઉપરની ટીકાઓ, ઘણાં સ્તોત્ર ગ્રન્થો તથા વસન્ત અષ્ટપદી- પલના- મંગલાર્તિ-રાજભોગાર્તિ-સંધ્યાર્તિ- શયનાર્તિ વગેરે પદોનો સમાવેશ થાય છે.

યદ્યપિ આપશ્રીનો ઝળહળતો પ્રભાવ સમ્પૂર્ણ ભારતવર્ષમાં પ્રસરેલો હતો. તેમ છતાં પણ વધુ કરીને ઉત્તરભારત, પંજાબ, રાજસ્થાન અને આજના મહાગુજરાતવાળા પ્રદેશમાં વધુ હતો એમ ઈતિહાસથી જાણી શકાય છે. શ્રીગુસાંઈજી - શ્રીવિઠ્ઠલેશજીનો સમ્પૂર્ણ ભારતમાં બહોળો શિષ્યસમુદાય પથરાયેલો હતો જેમાં બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય- પટેલ-ભીલ - કણબી- ઢીમર (શૂદ્ર) - નાઈ - સોની - મોચી - ચૂહડા- બલઈ-માળી - મુસ્લિમ- લૂહાણા તેમજ ક્ષત્રિયોમાં અનેક રાજાઓ

તથા રાજઘરાણાના લોકોનો સમાવેશ થાય છે. આ પૈકી રાજા માનસિંગ (દક્ષિણના), રાજા ભીમ તથા રાણી (ગુજરાત), રાજા આસકરણજી, જબલપુર-ગઢાના રાણી - કીસનગઢ (રાજસ્થાન)ના રાજા વગેરે નામો ઉલ્લેખનીય છે. અષ્ટછાપ પૈકી ચાર શ્રીવિઠ્ઠલનાથજીના શિષ્યો હતા. (૧) ગોવિન્દસ્વામી, (૨) છિતસ્વામી, (૩) ચતુર્ભુજદાસ, (૪) નન્દદાસ. આ ઉપરાંત શ્રીનાથજી ગોવર્ધનપર્વતથી મેવાડમાં જેની ભાવના- પ્રેમને વશ થઈ પધાર્યા કે જે હાલ ઉદયપુર જિલ્લામાં શ્રીનાથદ્વાર નામથી જગપ્રસિધ્ધ છે તે અજબકુંવર બાઈ પણ આપશ્રીના શિષ્યા હતા.

શ્રીવિઠ્ઠલનાથજી-શ્રીગુસાંઈજી પ્રભુચરણ આ ભૂતલ પર કુલ ૭૨ વર્ષ બિરાજમાન રહ્યા તે પૈકી આપશ્રીએ પ્રથમ અડેલમાં (અલાહાબાદ), ત્યારબાદ મથુરામાં, ત્યારબાદ જબલપુર ગઢામાં અને છેલ્લે ગોકુળમાં સપરિકર નિવાસ કર્યો હતો.

શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણનો પ્રથમ વિવાહ આપશ્રીની વેલ્લનાડુ બ્રાહ્મણ જ્ઞાતીના શ્રીરુક્મિણીજી સાથે આપશ્રીના જ્યેષ્ઠ ભ્રાતા શ્રીગોપીનાથચરણના વડીલપણામાં-આપશ્રી દ્વારા સમ્પન્ન થયો હતો અને શ્રીરુક્મિણી વહુજીથી આપશ્રીને ત્યાં શ્રીગિરિધરજીથી શ્રીયદુનાથજી પર્યન્તના છ લાલજીઓ (પુત્રો)નો જન્મ આપશ્રીના પૈતૃકગૃહ અડેલમાં થયો હતો. શ્રીરુકિમણી વહુજીના નિત્ય લીલાપ્રવેશ થયા બાદ આપશ્રીના સેવક ગઢાના મહારાણીના અતિશય આગ્રહથી અને એમની વ્યવસ્થામાં આપશ્રીનો દ્વિતીય વિવાહ શ્રીપદ્માવતીજી સાથે થયો હતો અને શ્રીપદ્માવતી વહુજીથી આપને ત્યાં એક પુત્ર- શ્રીઘનશ્યામજીનો જન્મ થયો હતો. આ ઉપરાંત આપશ્રીના ચાર બેટીજીઓ (પુત્રીઓ) હતા જે શ્રીશોભાબેટીજી, શ્રીયમુનાબેટીજી, શ્રીકમલાબેટીજી તથા શ્રીદેવકાબેટીજી નામે હતા.

શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણે પોતાના જીવનની ઉત્તરાવસ્થામાં પોતાની ભૂતલ સ્થિતિ દરમિયાન જ પોતાના સાતપુત્રોના સાત ઘરો ગૃહ માટેના આવશ્યક સાધનો સહિત સ્વતંત્ર ગૃહ તૈયાર કરાવી સાતે પુત્રોને સ્વતંત્ર રૂપમાં સુપ્રત કર્યા હતા. આ વહેંચણમાં અન્ય બાબતો ઉપરાંત પોતાના ઘરમાં પરમ્પરાથી બિરાજમાન-સેવ્ય

ભગવત્સ્વરૂપો (શ્રીવિગ્રહ) તથા શ્રીભાગવતજીની પોથી તથા પ્રાચીન ગ્રન્થો પણ દરેકને અલગથી પધરાવી આપ્યા હતા. જેમાં દરેક પુત્રોને જે ભગવત્સ્વરૂપો પધરાવી આપ્યા તે આ મુજબ છે -

લાલજી	ભગવત્સ્વરૂપો
(૧) શ્રીગિરિધરજી	શ્રીમથુરાનાથજી
(૨) શ્રીગોવિન્દરાયજી	શ્રીવિઠ્ઠલનાથજી
(૩) શ્રીબાલકૃષ્ણજી	શ્રીદ્વારિકાનાથજી
(૪) શ્રીગોકુલનાથજી	શ્રીગોકુલનાથજી
(૫) શ્રીરઘુનાથજી	શ્રીગોકુલચન્દ્રમાજી
(૬) શ્રીયદુનાથજી	શ્રીબાલકૃષ્ણજી
(૭) શ્રીઘનશ્યામજી	શ્રીમદનમોહનજી

આ ઉપરાંત શ્રીનવનીતપ્રિયાજીનું ભગવત્સ્વરૂપ શ્રીપ્રભુચરણે પોતાની નિજ સેવા અર્થે રાખ્યું તથા જતીપુરા-શ્રીનાથજી મન્દિરમા શ્રીજીની સેવામાં સાતે પુત્રોને સેવાનો સમાન અધિકાર આપી ત્યાંની વ્યવસ્થાને વિચારીને શ્રીજીમાં વિશેષ રૂપે મોટાપુત્ર શ્રીગિરિધરજીને વ્યવસ્થાનો ભાર સોંપ્યો. આ વહેંચણ પછીથી સાતે ભાઈઓના સાત સેવ્ય ભગવત્સ્વરૂપોને શ્રીજીદ્વારમાં પધરાવી શ્રીજી સાથે અરોગાવવાનો શ્રીગિરિધરજીનો મનોરથ પણ આપશ્રીએ સાતે સ્વરૂપોને શ્રીજીદ્વારામાં પધરાવી પૂર્ણ કર્યો. જ્યાં સુધી આપશ્રી ગોકુલમાં યા વ્રજમાં આસપાસમાં બિરાજતા હોય (ત્યાં મુકામ હોય) ત્યાં સુધી ગોકુલ તથા શ્રીજીદ્વાર બન્ને સ્થળે પ્રતિદિન સેવામાં પહોંચવાનો આપશ્રીએ આગ્રહ રાખ્યો હતો.

શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ પોતે સમ્પ્રદાયના સર્વોચ્ચ-આચાર્યસ્થાન પર બિરાજમાન હોઈને પણ આપશ્રી શ્રીવલ્લભાચાર્યજીના સેવકો પ્રત્યે ખૂબ જ અહોભાવ ધરાવતા હતા તથા તેમનો ખૂબ જ આદર કરતા હતા. તો તેવી જ રીતે આપશ્રી પોતાના જ્યેષ્ઠભ્રાતા શ્રીગોપીનાથજી પ્રત્યે પણ પિતૃવત્ આદર-સન્માનની જાળવણીની સાથે તેમનાં પ્રત્યે પણ ખૂબ જ સ્નેહભાવ ધરાવતા હતા.

ઈ.સ.૧૫૯૩-વિ.સં. ૧૬૪૧ માં બાદશાહ અકબરે શ્રીગુસાંઈજીને જતીપુરા ગામ ભેંટમાં આપી ફરમાન લખી આપી સોંપ્યું હતું. આ ઉપરાંત ગોકુળ ગામ સહિત બીજા ત્રણ ગામો પણ ભેંટમાં આપ્યા હતા. તેવી જ રીતે ઈ.સ.૧૫૮૧ માં બાદશાહ અકબરે તથા તેમની પુત્રી હમીદાબાનુએ ફરમાન જારી કરી શ્રીગુસાંઈજીના ગામોમાં કે જમીનોમાં ગાયોને રંજાડવી નહીં - પકડવી નહીં તથા નિઃશંક ચરવા દેવી તથા તે વિસ્તારમાં કોઈએ મોરપક્ષીને પકડવા કે મારવા નહીં એમ લખી આપ્યું હતું. તેવા જ ઘણાં બધાં ફરમાનો અલગ-અલગ સમયે અલગ-અલગ બાબતે શ્રીગુસાંઈજી પ્રત્યે આદર અભિવ્યક્ત કરતા બાદશાહ અકબરે તથા તેના પરિવારજનોએ બહાર પાડ્યા હતા. આ ઉપરાંત સિપેહ સાલાર ખાનબહાદૂર સાલારખાન, બાદશાહ શાહજહાન, શાહજહાંના અમલદારો-ઈસ્હાક આઝમખાન, મુકરમતખાન તથા શાહજહાન બાદશાહના શાહજાદા મહમ્મદ દારા શિકોહ, અબુલ મુઝફ્ફર જબાલુદ્દીન મહમ્મદ શાહઆલમ બાદશાહ ગાઝી, બક્ષી ઉલૂમુલ્ક નજફ ઝુલફિકાર ઉદ્ દોલો મીરઝાબેનખાન બહાદૂર ગાલેબ બાદશાહ શાહ આલમ ગાઝી વગેરેના શ્રીવિઠ્ઠલનાથજી તથા તેમના વંશજોને લખી આપેલા ફરમાનો છે કે જેની અલ દસ્તાવેજ - પ્રત આજે શ્રીનાથદ્વારમાં વિદ્યમાન છે.

આવા પ્રકાંડવિદ્વાન્, પરમ પ્રતાપી, પરમ તેજસ્વી, પરમદયાલ, ક્રાન્તિકારી, યુગદ્રષ્ટા-યુગનિર્માતા સાક્ષાત્ શ્રીકૃષ્ણ સ્વરૂપ પુષ્ટિભક્તિમાર્ગ-વૈષ્ણવાચાર્ય શ્રીમત્ પ્રભુચરણ શ્રીગુસાંઈજી શ્રીવિઠ્ઠલેશ્વરજીને આપશ્રીને આપશ્રીના ૪૯૪ માં વર્ષ પ્રવેશના મંગલ અવસરે સહસ્રો-કરોડો સદૈન્ય સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.